For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

દુનિયા મેં હમ આયે હૈ તો જીના હી પડેગા....

1957માં આવેલી મધર ઇન્ડિયા ફિલ્મમાં નરગીશને બાળકોના ભરણપોષણ માટે હળ ખેંચતી બતાવે છે. આ સીન પર જે ગીત ફિલ્માવવામાં આવ્યું હતું તેના શબ્દો હતાં ' દુનિયા મેં હમ આયે હૈ તો જીના હી પડેગા...જીવન હૈ અગર ઝહર તો પીના હી પડેગા...આ ગીત તે સમયે ભારતભરમાં છવાયું હતું. આ ફિલ્મના 70 વર્ષ વિતી ગયા પછી આજે પણ માતાઓ આ પ્રકારે મહેનત કરી રહી હોય તેવા દ્રશ્યો જોવા મળે છે. આવી જ એક માતા શેરડીના રસનું કોલું ચલાવીને બાળકો માટે ભોજનની વ્યવસ્થા કરતી કેમેરામાં કેદ થઇ ગઇ હતી. **(તસવીર : હેમંત ડેરે)**

સુરતમાં વાદળછાયા વાતાવરણથી ગરમીમાં રાહત

બપોરે ગરમી છતાં સાંજે ઠંડા પવનોનો અનુભવ

આગામી બે દિવસ માવઠાની શક્યતા

સુરતઃ સુરત શહેરમાં આજે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. શહેરનું મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી ઘટીને ૩૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ આંશિક ઘટાડા સાથે ૨૩.૯ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

હવામાનમાં આવેલા ફેરફારને કારણે શહેરમાં દિવસ દરમિયાન આંશિક વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. હવામાં આશરે ૫૧ ટકા ભેજ નોંધાયો હતો, જ્યારે દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી લગભગ ૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં ભેજ અને ઠંડકનો અહેસાસ થયો હતો. બપોરના સમયે વાદળછાયા વચ્ચે પણ ગરમીનો અહેસાસ યથાવત રહ્યો હતો, પરંતુ સાંજ પડતા ઠંડા પવનો ફૂંકાતા શહેરવાસીઓને ગરમીમાંથી થોડી રાહત મળી હતી. હવામાન વિભાગ દ્વારા અગાઉથી કરવામાં આવેલી વાદળછાયા વાતાવરણ અને છૂટાછવાયા માવઠાની આગાહી વચ્ચે તાપમાનમાં ઘટાડો નોંધાતા વાતાવરણ સુહાવણું બન્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી બે દિવસ સુધી શહેરમાં વાદળછાયું વાતાવરણ યથાવત રહેવાની શક્યતા છે, સાથે જ તાપી જિલ્લા, ડાંગ અને દક્ષિણ ગુજરાતની કેટલીક જગ્યાએ હળવા માવઠાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેના કારણે તાપમાનમાં વધુ ઘટાડો થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

મહાનગરની ચૂંટણી ધીરે ધીરે રસપ્રદ બની રહી છે

સુરતમાં પહેલા જ દિવસ 500થી વધુ ફોર્મ ઉપડી ગયાં

120 બેઠક માટે દાવેદારોની ભારે ભીડ, પક્ષોમાં આંતરિક સ્પર્ધા તેજ

ચૂંટણીમાં ટિકિટ માટે રાફડો ફાટ્યો

સુરતઃ સુરત મહાનગરપાલિકાની આવનારી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો હવે સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યો છે. ફોર્મ વિતરણ શરૂ થતા જ પહેલા જ દિવસે ઉમેદવારોની ભારે ભીડ ઉમટી પડી હતી. શહેરની કુલ 120 બેઠકો માટે એક જ દિવસે 500થી વધુ ઉમેદવારી ફોર્મ વિતરણ થતા રાજકીય પાર્ટીઓમાં ટિકિટ મેળવવા માટે જોરદાર પડાપડી શરૂ થઈ ગઈ છે.

ફોર્મ લેવા માટે સવારથી જ ઉમેદવારો અને તેમના સમર્થકોની લાંબી લાઈનો જોવા મળી હતી. ખાસ કરીને મુખ્ય રાજકીય પક્ષોમાં ટિકિટ માટે દાવેદારો વચ્ચે તીવ્ર સ્પર્ધા ઉભી થઈ છે. અનેક કાર્યકર્તાઓએ પોતાને મજબૂત દાવેદાર માનતા ફોર્મ ઉપાડી લીધાં છે, જેના કારણે પક્ષોની અંદર પણ ગતિવિધિઓ તેજ બની ગઈ છે. ભાજપ સહિત અન્ય પક્ષોના કાર્યકર્તાઓમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. ઘણા કાર્યકર્તાઓએ ટિકિટ મળશે તેવી આશા સાથે પહેલેથી જ તૈયારી શરૂ કરી દીધી છે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે આવનારી ચૂંટણીમાં સ્પર્ધા ખૂબ જ કઠિન બનવાની શક્યતા છે. ચૂંટણી પ્રક્રિયા અનુસાર, ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ તારીખ 11 એપ્રિલ નક્કી કરવામાં આવી છે. ત્યારબાદ 13 એપ્રિલે ફોર્મોની ચકાસણી થશે, જ્યારે 15 એપ્રિલે ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ રહેશે. અંતે 26 એપ્રિલે મતદાન યોજાશે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન શહેરની રાજકીય હવા વધુ ગરમ બનવાની શક્યતા છે અને આગામી દિવસોમાં ટિકિટ ફાળવણીને લઈને વધુ ચહલપહલ જોવા મળશે. સુરતની રાજનીતિ હવે સંપૂર્ણ રીતે ચૂંટણીમય બની ગઈ છે.

મંદિર-મસ્જિદમાં પ્રચાર કરનારા સામે ગુનો નોંધાશે

30 એપ્રિલ સુધી સુરત પોલીસ કમિશનરનું જાહેરનામું

સુરતઃરાજ્ય ચૂંટણી આયોગ દ્વારા વર્ષ ૨૦૨૬ની મહાનગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓનો સત્તાવાર કાર્યક્રમ જાહેર થતા જ સુરત શહેર પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. ૨૬મી એપ્રિલે મતદાન અને ૨૮મીએ પરિણામો જાહેર થવાના છે, ત્યારે સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોતે લોકશાહીના આ પર્વને નિર્વિઘ્ને પૂર્ણ કરવા માટે પ્રતિબંધાત્મક આદેશોનો ધોધ વહાવ્યો છે. કમિશનરે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે પ્રચારના નામે ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરનારા કે જાહેર મિલકતોને નુકસાન પહોંચાડનારા સામે કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. ચૂંટણીમાં ધાર્મિક લાગણીઓ દુભાય નહીં અને શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનરે મહત્વનો નિર્ણય લીધો છે. જાહેરનામા મુજબ, શહેરની હદમાં આવતા મંદિરો, મસ્જિદો, ચર્ચ કે ગુરુદ્વારા જેવા કોઈ પણ પ્રાર્થના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો, પોસ્ટરો કે સંગીત માટે ઉપયોગ કરી શકાશે નહીં. ધર્મના ઓઠે વોટ મેળવવા મથતા રાજકીય પક્ષો કે સમર્થકો જો ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરશે તો તેમની સામે આચારસંહિતા ભંગનો ગુનો નોંધી જેલભેગા કરવામાં આવશે.

મિલકત માલિકની મંજૂરી વગર બેનર લગાવ્યા તો સીધી કાર્યવાહી

શહેરની સુંદરતા જાળવવા માટે કમિશનરે મિલકત વિરૂપતા સામે લાલ આંખ કરી છે. કોઈપણ ખાનગી કે જાહેર મકાન, દિવાલ કે કમ્પાઉન્ડ પર માલિકની લેખિત પરવાનગી વગર ધ્વજ, પતાકા કે બેનરો લગાવી શકાશે નહીં. દિવાલો પર સૂત્રો લખવા કે નિશાનીઓ ચીતરવા પર પણ પ્રતિબંધ છે. ખાસ કરીને રેલવે પ્લેટફોર્મ, બસ ટર્મિનલ અને ટ્રાફિકના સાઈન બોર્ડ પર પ્રચાર સાહિત્ય ચોંટાડનારાઓ સામે પોલીસ બાજ નજર રાખશે. એટલું જ નહીં, એક પક્ષના પોસ્ટરને બીજો પક્ષ હટાવી શકશે નહીં.

પરવાનગી વગરનાં વાહનો અને લાઉડસ્પીકર જપ્ત થશે

ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાતા વાહનો માટે પણ કમિશનરે લગામ કસી છે. કોઈપણ ઉમેદવાર કે પક્ષે વાહનનો ઉપયોગ કરતા પહેલા જે તે મતવિસ્તારના ચૂંટણી અધિકારી પાસે નોંધણી કરાવવી ફરજિયાત છે. વાહનની વિન્ડ સ્ક્રીન પર પરમિટ દેખાય તે રીતે લગાવવી પડશે. મંજૂરી વગર લાઉડસ્પીકર વગાડી પ્રચાર કરનારાઓના વાહનો અને સાધનો તાત્કાલિક જપ્ત કરવાની સૂચના પણ આપી દેવામાં આવી છે.આ તમામ પ્રતિબંધો 30 એપ્રિલ ૨૦૨૬ સુધી અમલી રહેશે. કમિશનરના આ લોખંડી જાહેરનામાથી રાજકીય પક્ષોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જો કોઈ પણ વ્યક્તિ આ આદેશોનું ઉલ્લંઘન કરશે તો તેની સામે ભારતીય દંડ સંહિતા મુજબ કડક હાથે કામ લેવામાં આવશે.

વલસાડના બે યુવાનોને ઓનલાઈન ગેમ રમવા નવસારી બોલાવ્યા હતા

દોરડા બાંધીને ઊંધો લટકાવી ફટકારીને યુવકની હત્યા

નવસારીના સીસોદ્રા ગામમાં 'ગેમ'થી શરૂ થયેલા વિવાદમાં યુવકની હત્યા કરનારા 6 ઝડપાયા.

LCBએ 300 CCTV સાથે લોકેશન ટ્રેસ કરી 24 કલાકમાં હાઈવે નજીકથી તમામ આરોપીઓને ઝડપી પાડ્યા.

કેટલાક આરોપીઓ સામે લૂંટ અને જુગારના નોંધાયેલા ગુના

ઉલ્લેખનીય છે કે કેટલાક આરોપીઓ સામે અગાઉ પણ લૂંટ અને જુગાર સંબંધિત ગુનાઓ નોંધાયેલા છે, જે તેમની ગુનાહિત વૃત્તિ દર્શાવે છે. આ સમગ્ર બનાવ ફરી એકવાર ચેતવણી આપે છે કે નાની બાબતોમાં ઉશ્કેરાઈ જવાથી માનવી કેવી રીતે ક્રૂર બની શકે છે અને એક ક્ષણનો ગુસ્સો જીવલેણ સાબિત થઈ શકે છે.

નવસારી : નવસારી જિલ્લાના સીસોદ્રા ગામની સીમમાંથી એક હચમચાવી નાખે તેવી નિર્દય ઘટના સામે આવી છે, જેમાં જુગારની ગેમ દરમિયાન થયેલા વિવાદે ભયાનક સ્વરૂપ ધારણ કરતાં એક યુવકને જીવ ગુમાવવો પડ્યો છે. આ ઘટનાએ માનવતાને શરમમાં મૂકી દીધી છે, કારણકે આરોપીઓએ યુવકને દોરડાથી બાંધીને ઊંધો લટકાવી બેરહેમીથી માર મારી હત્યા કરી

...અનુસંધાન પાના 5 પર

ડભોલીમાં પ્રેમલગ્નના બે વર્ષમાં દંપતીનો આપઘાત

એકબીજાની સામસામે જોતા હોય તે રીતે સજોડે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી

દંપતીએ અંદરોઅંદર કોઈક બાબતે મનદુઃખ થતા આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા

સામાજિક પ્રોગ્રામમાં મળ્યા બાદ પ્રેમ થયો હતો

વધુમાં ભાવેશ અને તેજલ એક સમાજના હોવાથી એક સામાજિક પ્રસંગોમાં મળ્યા હતા. જે તે સમયે બંનેની આંખો એકબીજાને મળી હતી. બાદમાં પ્રેમ સબંધ થયો હતો. આ દંપતીએ પોણા બે વર્ષ પહેલા પ્રેમ લગ્ન કર્યા હતા.

સુરત : ડભોલી ગામમાં રહેતા રત્નકલાકાર દંપતીએ પ્રેમલગ્નના પોણા બે વર્ષમાં જ એકબીજાની સામસામે જોતા હોય તે રીતે સજોડે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. દંપતીએ એકબીજાને અંદરોઅંદર કોઈક બાબતે મનદુઃખ થતા આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા સેવાઈ રહી છે. પોલીસે બંનેના મોબાઈલ ફોન કબજે કરી પરિવારજનોના નિવેદન લઈ વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, ડભોલી ગામમાં આવેલા રાજપુત ફળિયામાં બનાવેલી ચાલીના રૂમમાં ૨૪ વર્ષીય ભાવેશભાઇ કાંતિભાઇ દેવીપુજક, ૨૩ વર્ષીય પત્ની તેજલબેન સાથે રહેતો હતો. દંપતી રત્નકલાકાર તરીકે નોકરી કરતુ હતુ. રવિવારે સાંજે પોતાના ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પત્ની તેજલબેને રૂમમાં કપડા ધોવાની ચોકડીની પાળી પાસે છતના ભાગે લોખંડના હૂંક સાથે નાયલોનની દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. જ્યારે પતિ ભાવેશભાઈએ રૂમમાં છતના ભાગે પંખાના હૂંક સાથે નાયલોનની દોરી બાંધી ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લીધુ હતું. દંપતીના સજોડે આપઘાતની ઘટનાને પગલે સ્થાનિકોમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની મૃતક તેજલની માતા ચંપાબેને સિંગણપોર પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, દંપતીએ ઘરનો દરવાજો અંદરથી બંધ કરીને એકબીજાની સામસામે જોતા હોય એવી રીતે ફાંસો ખાઈ લીધો હતો. મૃતક તેજલની માતાએ બારીમાંથી જોતા બંનેના મૃતદેહ લટકતી હાલતમાં જોવા મળ્યા હતા. પોલીસે ઘરનો દરવાજો તોડીને બંને મૃતદેહ નીચે ઉતારી પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

...અનુસંધાન પાના 5 પર

અમદાવાદના ચાંદખેડામાં ઢોસા ખાધા બાદ બે બાળકીનાં મોત

ફૂડ પોઈઝનિંગ કે કંઈક બીજું? કેસમાં રહસ્ય ઘેરાયું

તપાસ શરૂ કરાઇ, ખીરાનાં સેમ્પલ FSLમાં મોકલાયાં

અમદાવાદ : અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં એક ચોંકાવનારી અને દુઃખદ ઘટના સામે આવી છે, જેમાં એક જ પરિવારની બે નાની બાળકીના મોત નિપજતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. પ્રાથમિક માહિતી મુજબ, ડેરીમાંથી લાવેલા ખીરૂમાંથી બનાવાલા ઢોંસા ખાધા બાદ પરિવારના સભ્યોની તબિયત બગડતા આ ઘટના બની હોવાનું સામે આવ્યું છે. હાલ માતા-પિતા ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ અંગે મળતી માહિતી મુજબ, 1 એપ્રિલના રોજ પરિવારના વિમલ પ્રજાપતિએ ચાંદખેડાના આઈઓસી રોડ પર આવેલી ઘનશ્યામ ડેરીમાંથી આશરે 3 કિલો ઢોંસાનું ખીરું ખરીદ્યું હતું. ઘરે ઢોંસા બનાવી ખાધા બાદ તે જ રાત્રે વિમલભાઈને ઉલ્ટીઓ શરૂ થઈ અને તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આગલા દિવસે વિમલભાઈની પત્ની ભાવનાબેન અને ચાર વર્ષની દીકરીએ પણ તે જ ખીરું ખાધું હતું, જેના પગલે તેમની તબિયત પણ ગંભીર રીતે બગડી હતી.

પરિવારના જણાવ્યા અનુસાર, ભાવનાબેને પોતાની ત્રણ મહિનાની બાળકીને ફીડિંગ કરાવ્યું હતું, જેના બાદ બાળકીની તબિયત બગડી અને તેનું મોત નિપજ્યું. ત્યારબાદ સારવાર દરમિયાન ચાર વર્ષની બાળકીનું પણ 4 એપ્રિલે મોત થયું હતુ.

પરિવારો આક્ષેપ છે કે ઢોસાના ખીરૂના કારણે આ ઘટના બની છે.

...અનુસંધાન પાના 5 પર

ડિંડોલીમાં ગેસ રિપેરિંગ વખતે ફ્લેશ ફાયરમાં ત્રણ વર્ષના બાળકનું મોત

સુરત : ડિંડોલીના નવાગામ વિસ્તારમાં આવેલી નીલકંઠનગર સોસાયટીમાં ગેસનો ચૂલો રિપેરિંગ કરતી વખતે અચાનક ફ્લેશ ફાયર થતાં એક મહિલા, તેનાં બે બાળકો અને ગેસ રિપેરિંગ કરનાર કારીગર ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર દરમિયાન ત્રણ વર્ષના બાળકનું મોત થયું છે. ગયા બુધવારે ડિંડોલીના નિલકંઠ નગરમાં ગેસ રિપેરિંગનું કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક ગેસ લીકેજને કારણે ફ્લેશ ફાયર થયું હતુ. આમાં આશાદેવી, તેમની ૭ વર્ષીય પુત્રી માધવી, ૩ વર્ષીય પુત્ર દિવ્યાંશ અને પવન ખટીક ગંભીર રીતે દાઝી ગયા હતા. 108 એમ્બ્યુલન્સ દ્વારા ચારેયને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન દિવ્યાંશનું મોત થયું હતું. પવન ખટીકે પોતાની મરજીથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી છે. આશાદેવી અને માધવીની હાલત ગંભીર છે.

જાહેર મિલકતોના સંરક્ષણ માટે ચૂંટણીમાં કડક નિયંત્રણ

સરકારી તથા ખાનગી મિલકતો પર બિનઅધિકૃત જાહેરાતો પર પ્રતિબંધ

પ્રચાર દરમિયાન બેનર-પોસ્ટર પર પ્રતિબંધ, નિયમ ભંગ થાય તો કાનૂની કાર્યવાહી

સુરતઃ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને જિલ્લા તંત્ર દ્વારા આચારસંહિતા જેવી શિસ્ત જાળવવા કડક નિયમો અમલમાં મુકાયા છે. ચૂંટણી પ્રચાર દરમિયાન સરકારી તેમજ ખાનગી મિલકતોને નુકસાન ન થાય તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વિજય રબારીએ જાહેરનામું બહાર પાડ્યું છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ તા. ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ મતદાન અને તા. ૨૮ એપ્રિલે મતગણતરી યોજાનાર છે.

આ દરમિયાન કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર અથવા તેમના સમર્થકો દ્વારા જાહેર સ્થળોએ બિનઅધિકૃત રીતે બેનર, પોસ્ટર, ધજા, કટઆઉટ કે જાહેરાત પાટિયા મૂકવા પર પ્રતિબંધ મૂકાયો છે. જાહેરનામા મુજબ રસ્તાઓ, સરકારી કચેરીઓ, નગરપાલિકા અને પંચાયતોની મિલકતો તેમજ બોર્ડ-નિગમોની જગ્યાઓ પર કોઈપણ પ્રકારની પ્રચાર સામગ્રી લગાવવી મનાઈ છે. સાથે જ ખાનગી મિલકતો પર પણ માલિકની પૂર્વ મંજૂરી વગર રાજકીય પ્રચાર સામગ્રી મૂકવી કાયદેસર ગુનો ગણાશે. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે આ આદેશનો અમલ તા. ૨૮ એપ્રિલ ૨૦૨૬ સુધી રહેશે અને કોઈપણ ભંગ કરનાર સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ચૂંટણીને સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવવા માટે આ પગલાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.



બિહારમાં રાજકોટના વેપારીનું 25 કરોડનું સોનું લૂંટી લેવાયું

લુંટારાઓએ રિક્ષાને આંતરીને કસ્ટમ અધિકારીની ઓળખ આપી અને સોનું ભરેલી 3 બેગ લઈ લીધી

બાદમાં કારમાં બળજબરીથી બેસાડી આંખે પાટા બાંધી સુમસામ સ્થળે છોડી દીધા, કાર કબજે

ગાંધીનગરઃ રાજકોટના સોના ચાંદીના જાણીતા વેપારીના કર્મચારીઓ પાસેથી બિહારના દાનાપુરમાં કસ્ટમ અધિકારીના સ્વાંગમાં લૂંટારૂઓએ 25 કરોડના 17 કિલો સોનાની લૂંટ કરી હોવાની ઘટના બહાર આવી છે.

મળતી માહિતી મુજબ, રાજકોટના કેવી એન્ડ સન્સ નામની પેઢીના બે કર્મચારીઓ મહેશ માનતોરા અને પ્રિન્સ રામપરિયા સોનાની ડિલીવરી આપવા માટે અમદાવાદથી સહરસા એક્સપ્રેસ ટ્રેનમાં બિહારની દાનાપુર રેલવે સ્ટેશનએ પહોંચ્યા હતા. જ્યાંથી રિક્ષામાં બેસી બકરગંજ તરફ જઈ રહ્યા હતા, તે દરમિયાન કાર અને બાઈક પર આવેલા આઠ અજાણ્યા શખ્સોએ તેમની રિક્ષાને આંતરી હતી. અજાણ્યા શખ્સોએ કસ્ટમ અધિકારી હોવાની ઓળખ આપી તપાસના બહાને સોનું ભરેલી ત્રણે બેગ કે જેમાં 25 કરોડનું સોનું હતું તે જપ્ત કરી લીધી હતી. ત્યારબાદ બંને કર્મચારી પૈકી મહેશ માનતોરાને કારમાં બળજબરીપૂર્વક બેસાડી આંખે પાટા બાંધી સુમસામ સ્થળ ઉપર છોડી દઈ સોનું લઈને ભાગી ગયા હતા. આ ઘટનાની જાણ બિહાર પોલીસને થતા તાત્કાલિક એસટીએફ ટીમએ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ગુનામાં વપરાયેલી કાર બિનવારસી હાલતમાં મળી આવી હતી આ કારના આધારે પોલીસે માલિકની તેમજ લૂંટારોની શોધખોળ શરૂ કરી છે.